પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૭૧ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૨, ગુરુવાર; ભાદરવા સુદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં ગણેશચતુર્થીની ભાવપૂર્વક ઉજવણી

**ભક્તોના દુખ હરનારા બાપ્પાની પધરામણી : દેશભરમાં ઠેર-ઠેર ભક્તિભાવ પૂર્વક ગણપતિ બાપ્પાની પૂજા અર્ચના કરીને ઘરમાં સ્થાપન કરવામાં આવ્યું**



નવી મુંબઈ, તા.૩૧

રિદ્ધિ સિદ્ધિ અને ભક્તોના દુખોને હરનારા બાપ્પાનો તહેવાર એટલે ગણેશ ચતુર્થી. અલગ અલગ શહેરોમાં ગણેશજીની પ્રતિમાને લઈને પોતાના ઘરમાં, સોસાયટીમાં કે મહોલ્લામાં લાવીને ભક્તો બાપ્પાનું સ્વાગત કરતાં જોવા મળ્યા હતા.

પટનામાં ગણેશ ચતુર્થી નિમિત્તે મહારાષ્ટ્ર પૂજા પંડાલમાં ભક્તો ભગવાન ગણેશની પૂજા કરતા જોવા મળ્યા. બુધવારે ગણેશ ચતુર્થી

નિમિત્તો અમદાવાદમાં ભક્તો ભગવાન ગણેશની મૂર્તિઓને લઈ જતા જોવા મળ્યા.

ગુવાહાટીમાં ભગવાન ગણેશના મંદિરમાં ભક્તો હાથીની પૂજા કરતા જોવા મળ્યા.

મહારાષ્ટ્રના કરાડમાં ભક્તો તેમના ઘરોમાં સ્થાપિત કરવા માટે ભગવાન ગણેશની મૂર્તિઓ લઈ જતા જોવા મળ્યા.

આ પહેલા મંગળવારે રેતી કલાકાર માનસ કુમાર સાહૂએ પુરીના બીચ પર રેતીમાંથી ભગવાન ગણેશની મૂર્તિ બનાવી હતી.

ગુવાહાટીના લતાસિલ ગણેશ મંદિરમાં પ્રાર્થના કરવા માટે ભક્તોની લાંબી કતાર

ભુવનેશ્વરની એક શાળામાં ગણેશ ચતુર્થી તહેવાર દરમિયાન વિદ્યાર્થીઓ ધાર્મિક વિધિઓ કરી

## વર્ષ ૨૦૨૨-૨૩ના પહેલા ક્વાર્ટરમાં ૧૩.૫ ટકા જીડીપી

**ભારતીય અર્થવ્યવસ્થા પાટા પર પાછી ફરી રહી છે**

નવી દિલ્હી, તા.૩૧

બે વર્ષ કોરોના મહામારી બાદ ભારતીય અર્થવ્યવસ્થા પાટા પર પાછી ફરી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના પહેલા ક્વાર્ટર એપ્રિલથી જૂન વચ્ચે ભારતીય અર્થવ્યવસ્થાએ ૧૩.૫ ટકાના દરથી વિકાસ કર્યો છે. જ્યારે ૨૦૨૧-૨૨ ના પહેલા ક્વાર્ટરમાં ૨૦.૧ ટકા જીડીપી રહ્યો હતો. તો ચોથા ક્વાર્ટર જાન્યુઆરીથી માર્ચ વચ્ચે દેશનો આર્થિક વિકાસ દર ૪.૧ ટકા રહ્યો હતો. વર્ષ ૨૦૨૧-૨૨ ના લો બેઝ અને ઘરેલું માંગમાં તેજીના કારણે જીડીપી ગ્રોથ રેટ વધ્યો છે. સાથે જ આ ક્વાર્ટરમાં રોકાણ, વપરાશમાં વધારો જોવા મળ્યો છે. ૨૦૨૨-૨૩ ના પહેલા ક્વાર્ટરમાં જીડીપી ગ્રોથ રેટ ૧૩.૫ ટકા રહ્યો છે પરંતુ તે આરબીઆઈના ૧૬.૨ ટકાના અનુમાનથી ઓછો છે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે આંકડા જાહેર કર્યા છે. ગત બે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ નું પહેલું ક્વાર્ટર કોરોના મહામારીના કારણે લોકડાઉનથી પ્રભાવિત રહ્યું હતું. પરંતુ આ વખતે એવું નથી. જોકે, આ ક્વાર્ટરમાં પણ વૈશ્વિક કારણોના કારણે કોમોડિટીની કિંમતોમાં ભારે તેજી જોવા મળી હતી. તેમ છતાં આર્થિક વિકાસમાં ગતી જોવા મળી છે. NSO તરફથી જાહેર કરવામાં આવેલા આંકડામાં કહેવામાં આવ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના પહેલા ક્વાર્ટરમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ગ્રોથ રેટ ૪.૮ ટકા રહ્યો છે. જ્યારે ૨૦૨૧-૨૨ ના પહેલા ક્વાર્ટરમાં મેન્યુફેક્ચરિંગ સેક્ટરનો ગ્રોથ રેટ ૪૯ ટકા રહ્યો છે. કૃષિ ક્ષેત્રનો વિકાસ દર ૨.૨ ટકા રહ્યો છે. જ્યારે ૨૦૨૧-૨૨ ના પહેલા ક્વાર્ટરમાં ૪.૫ ટકા રહ્યો હતો. કન્સ્ટ્રક્શન સેક્ટરનો ગ્રોથ રેટ ૧૬.૮ ટકા રહ્યો છે જ્યારે ૨૦૨૧-૨૨ ના પહેલા ક્વાર્ટરમાં ૭૧.૩ ટકા રહ્યો હતો.




# રાજ્યોને રાહત દરે ૧૫ લાખ ટન ચણા અપાશે

**વડાપ્રધાનની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં બફર સ્ટોકમાંથી રાજ્યોને રાહત દરે ૧૫ લાખ ટન ચણા આપવા મંજૂરી : અડદ અને મસૂરની ખરીદી મર્યાદા વધારવાની મંજૂરી : કેબિનેટે પ્રાઇસ સપોર્ટ સ્કીમ હેઠળ તુવેર અડદ અને મસૂરની ખરીદીની મર્યાદા વધારી દીધી**

નવી દિલ્હી, તા.૩૧

કેન્દ્ર સરકારે અડદ અને મસૂરની ખરીદી મર્યાદા વધારવાની મંજૂરી આપી છે. અહેવાલ મુજબ, કેન્દ્રીય કેબિનેટે બુધવારે પ્રાઈસ સપોર્ટ સ્કીમ (પીએસએસ) હેઠળ તુવેર, અડદ અને મસૂરની ખરીદીની મર્યાદા વધારી દીધી છે. આ સાથે રાજ્યોને તેમના બફર સ્ટોકમાંથી રાહત દરે ૧૫ લાખ ટન ચણા આપવાની પણ મંજૂરી આપવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ સમિતિની બેઠકમાં આ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

સરકાર દ્વારા જારી કરવામાં આવેલા એક સત્તાવાર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે વિવિધ કલ્યાણકારી યોજનાઓ માટે વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય કેબિનેટની આર્થિક બાબતોની સમિતિ એટલે કે સીસીઈએની બેઠકમાં ૧૫ લાખ ટનના વિતરણની મંજૂરી આપવામાં આવી છે. બફર સ્ટોકમાંથી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રાહત દરે ગ્રામ. માનવામાં આવે છે કે સરકારના આ નિર્ણયથી ખેડૂતો કઠોળ પાકના ઉત્પાદન તરફ આકર્ષિત થશે.

એક સત્તાવાર નિવેદન અનુસાર, કેન્દ્રીય કેબિનેટે પ્રાઈસ સપોર્ટ સ્કીમ (પીએસએસ) હેઠળ તુવેર, અડદ અને મસૂરની ખરીદી મર્યાદા વર્તમાન ૨૫ ટકાથી વધારીને ૪૦ ટકા કરવાનો નિર્ણય લીધો છે. એટલું જ નહીં, કેન્દ્રીય કેબિનેટની આર્થિક બાબતોની સમિતિ એટલે કે સીસીઈએએ પ્રાઈસ સપોર્ટ સ્કીમ અને પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ (પીએસએફ) હેઠળ ખરીદેલા કઠોળના સ્ટોકમાંથી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આપ્યા છે.

# નૌસેનાને સ્વદેશી વિમાન વાહક જહાજ INS વિક્રાંત મળશે

**મોદી ૧-૨ સપ્ટેમ્બરે કર્ણાટક-કેરળનો પ્રવાસ કરશે : ભારત તે દેશોના ગ્રૂપમાં સામેલ થઈ જશે જેમની પાસે જાતે સ્વદેશી વિમાનવાહક જહાજની ડિઝાઈન બનાવવાની ક્ષમતા છે**

નવી દિલ્હી, તા.૩૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧ અને ૨ સપ્ટેમ્બરે કર્ણાટક અને કેરળના પ્રવાસે રહેશે. ૧ સપ્ટેમ્બરે વડાપ્રધાન કોચીન એરપોર્ટ નજીક કલાડી ગામમાં શ્રી આદિ શંકરાચાર્યના જન્મસ્થળનો પ્રવાસ કરશે.



૨ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદી કોચ્ચિમાં કોચીન શિપયાર્ડ લિમિટેડમાં આઈએનએસ વિક્રાંત તરીકે પહેલુ સ્વદેશી વિમાનવાહક જહાજ શરૂ કરી દેશને સોંપશે. આ દરમિયાન પીએમ મોદી ભારતીય નૌસેનાના નવા ધ્વજનું અનાવરણ કરશે. દેશને આઈએનએસ વિક્રાંત મળ્યા બાદ ભારત તે દેશોના ગ્રૂપમાં સામેલ થઈ જશે જેમની પાસે જાતે સ્વદેશી વિમાનવાહક જહાજની ડિઝાઈન બનાવવાની ક્ષમતા છે. જે બાદ વડાપ્રધાન મંગલુરુમાં અમુક પરિયોજનાઓનુ ઉદ્‌ઘાટન અને શિલાન્યાસ કરશે. ત્યાં વડાપ્રધાન મોદી ૩૮૦૦ કરોડ રૂપિયાની પરિયોજનાઓનો પાયો નાખશે.

આઈએનએસ વિક્રાંતને ભારતીય નૌસેનાના ઈન-હાઉસ 'વૉરશિપ ડિઝાઈન બ્યુરો' (ડબલ્યુંડીબી) એ ડિઝાઈન કર્યુ છે અને આને કોચીન શિપયાર્ડ લિમિટેડે બનાવ્યુ છે. આઈએનએસ વિક્રાંત બંદર, વહાણ પરિવહન અને જળમાર્ગ મંત્રાલય હેઠળ એક સાર્વજનિક વિસ્તારનુ શિપયાર્ડ છે.

આઈએનએસ વિક્રાંત ભારતના સમુદ્રી ઈતિહાસમાં બનાવવામાં આવેલુ અત્યાર સુધીનુ સૌથી મોટુ જહાજ છે. જેને અત્યાધુનિક ઓટોમેશન ફીચર્સ સાથે તૈયાર કરવામાં આવ્યુ છે. સ્વદેશી વિમાનવાહક જહાજનુ નામ તેમના શાનદાર પૂર્વવર્તી, ભારતના પહેલા વિમાનવાહકના નામે રાખવામાં આવ્યુ છે, જેણે ૧૯૭૧ના યુદ્ધમાં મહત્વની ભૂમિકા નિભાવી હતી.

## રાજુ શ્રીવાસ્તવના હાર્ટરેટ અને બીપી ૨૨ દિવસ પછી નોર્મલ

**લેટેસ્ટ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે, ટૂંક સમયમાં તેમને વેન્ટિલેટર પરથી હટાવી દેવામાં આવી શકે છે**

નવી દિલ્હી, તા.૩૧

દેશના પ્રખ્યાત કોમેડિયન રાજુ શ્રીવાસ્તવને લઈને રાહતના સામાચાર સામે આવ્યા છે. દેશના કરોડો લોકોની પ્રાર્થનાઓની અસર જોવા મળી રહી છે. સાથે જ એઈમ્સના ડોક્ટરોને પણ મોટી સફળતા હાથ લાગી છે. કેટલાંકો લોકો એને ચમત્કાર કરી રહ્યા છે. રાજુ શ્રીવાસ્તવની તબિયત હવે પહેલાં કરતા પણ વધુ સારી છે. બુધવારે તેમને દિલ્હીની એઈમ્સમાં દાખલ કરે પૂરા ૨૨ દિવસ થઈ ચૂક્યા છે. ત્યારે એવું કહેવામાં આવી રહ્યું છે કે, ટૂંક સમયમાં તેઓને વેન્ટિલેટર પરથી હટાવવામાં આવી શકે છે. રાજુ શ્રીવાસતવના લેટેસ્ટ અપડેટમાં કહેવામાં આવ્યું છે કે, હવે તેઓ ૮૦-૯૦ ટકા ઓક્સિજન લઈ રહ્યા છે. કેટલાંય દિવસો પછી તેમનો બ્લેડપ્રેશર ને હાર્ટરેટ પણ નોર્મલ છે.

## સોવિયત રૂસના નેતા મિખાઈલ ગોર્બાચેવનું ૯૧ વર્ષની વયે નિધન

મોસ્કો, તા.૩૧

સોવિયત રુસના નેતા મિખાઈલ ગોર્બાચેવનું ૯૧ વર્ષની ઉંમરે નિધન થઈ ગયું છે. નોબેલ શાંતિ પુરસ્કાર જીતનારા ગોર્બાચેવનું લાંબી બીમારી બાદ નિધન થઈ ગયું છે.

મિખાઈલ ગોર્બાચેવે લોહી વહાવ્યા વગર શીત યુદ્ધ સમાપ્ત કર્યું હતું પરંતુ તેઓ સોવિયેત સંઘના પતનને રોકવામાં નિષ્ફળ રહ્યા હતા. હોસ્પિટલના અધિકારીઓના હવાલે તેમના મોતની પુષ્ટિ થઈ છે.

વર્ષ ૧૯૮૯માં સામ્યવાદી પૂર્વીય યુરોપના સોવિયેત બ્લોકના રાષ્ટ્રોમાં લોકશાહી તરફી વિરોધ ઉગ્ર બન્યો હતો તેમ છતાં તેઓએ બળનો ઉપયોગ કરવાનું ટાળ્યું.

● અનુસંધાન પાન-૭ પર

# ઘરેલુ મદદનીશની સાથે ક્રૂરતા બદલ ભાજપનાં નેતાની ધરપકડ

**સીમા પાત્રાએ યુવતીને પોતાના ઘરે બંધક બનાવીને રાખી હતી અને તેને હેરાન કરવામાં આવી રહી હોવાનો આરોપ : નેતા બેટી બચાઓ-બેટી પઢાઓના રાજ્ય સંયોજક હતા**



રાંચી, તા.૩૧

ઝારખંડમાં ઘરેલુ મદદનીશને પ્રતાડિત કરવાના આરોપસર સસ્પેન્ડેડ ભાજપના નેતા સીમા પાત્રાની ધરપકડ કરી લેવાઈ છે. સીમા પાત્રા પર એવો આરોપ છે કે, તેમણે પોતાની ઘરેલું મદદનીશને ગોંધી રાખી હતી અને તેના સાથે ખૂબ જ ક્રૂરતાપૂર્વક વ્યવહાર કરવામાં આવ્યો હતો.

સીમા પાત્રા ભાજપના મહિલા વિંગના રાષ્ટ્રીય કાર્યસમિતિ સદસ્ય હતા. સાથે જ તેઓ બેટી બચાઓ-બેટી પઢાઓના રાજ્ય સંયોજક પણ હતા. જ્યારે તેમના પતિ મહેશ્વર પાત્રા એક સેવાનિવૃત્ત આઈએએસ અધિકારી છે. સોશિયલ મીડિયામાં ઘરેલુ મદદનીશનો અત્યાચારનો આરોપ લગાવતો એક વીડિયો ખૂબ જ વાયરલ થઈ રહ્યો છે.

એવો આરોપ છે કે, સીમા પાત્રાએ વિકલાંગ આદિવાસી યુવતીને પોતાના ઘરે બંધક બનાવીને રાખી હતી અને ૮ વર્ષથી તેને હેરાન કરવામાં આવી રહી હતી. પીડિત મહિલાના શરીર પર ઈજાના અનેક નિશાનો છે અને તેણે પોતાને અનેક વખત ગરમ તવાથી ડામ આપવામાં આવ્યા હોવાનો દાવો કર્યો હતો.

વીડિયોમાં જોઈ શકાય છે કે, પીડિત મહિલા હોસ્પિટલના ખાટલે સૂતી છે. તેના અનેક દાંત

● અનુસંધાન પાન-૭ પર

# કુરિયર કંપનીના કર્મીની આંખમાં મરચાની ભૂકી નાખીને બે કરોડનાં ઘરેણાંની લૂંટ

**દિલ્હીના પહાડગંજ વિસ્તારની ચૌંકાવનારી ઘટના : તપાસ દરમિયાન કેટલાક મહત્વના પુરાવા હાથ લાગ્યા ટૂંક સમયમાં બદમાશોને ઝડપી લેવામાં આવે તેવી શક્યતા**

નવી દિલ્હી, તા.૩૧

દિલ્હીના પહાડગંજ વિસ્તારમાં લૂંટની એક ખૂબ જ ચોંકાવનારી ઘટના બની છે. પોલીસની વર્દીમાં આવેલા બદમાશોએ કુરિયર કંપનીના કર્મચારીની આંખમાં મરચાંની ભૂકી નાખીને આશરે ૨ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવતા ઘરેણાં તફડાવી લીધા છે.

જાણવા મળ્યા મુજબ વહેલી સવારે ૪:૦૦ કલાકે આ ઘટના બની હતી. કેટલાક અજ્ઞાત બદમાશોએ કુરિયર કંપનીના કર્મચારીની આંખમાં મરચાંની ભૂકી નાખીને તેના પાસે રહેલા આશરે ૨ કરોડ રૂપિયાના ઘરેણાં લૂંટી લીધા હતા. પોલીસને તપાસ દરમિયાન કેટલાક મહત્વના પુરાવા હાથ લાગ્યા છે અને ટૂંક સમયમાં જ બદમાશોને ઝડપી લેવામાં આવે તેવી શક્યતા છે.




પોલીસના કહેવા પ્રમાણે સવારે ૪:૪૯ કલાકે તેમને એવો કોલ આવ્યો હતો કે, પહાડગંજમાં ૨ લોકો પૈકીના એક વ્યક્તિની આંખમાં મરચાંની ભૂકી નાખીને

● અનુસંધાન પાન-૭ પર

## કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના માતાનું નિધન

નવી દિલ્હી, તા.૩૧

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીના માતા પાઓલા માઈનોનું શનિવારે ઈટાલીમાં તેમના આવાસ પર નિધન થઈ ગયું છે. કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે ટ્વીટ કરી તેની જાણકારી આપી છે. તેમણે કહ્યું પાઓલાને મંગળવારે અંતિમ વિદાય આપવામાં આવી હતી.

નોંધનીય છે કે ૨૪ ઓગસ્ટે કોંગ્રેસે નિવેદન જાહેર કરી જણાવ્યું હતું કે સોનિયા ગાંધી પોતાના પુત્ર રાહુલ ગાંધી અને પુત્રી પ્રિયંકા ગાંધી સાથે વિદેશ જશે. નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે નવી દિલ્હી પરત ફરતા પહેલા સોનિયા પોતાના બીમાર માતાને જોવા જશે.

## આપને બદનામ કરવા ભાજપ અન્ના હજારેનો ઉપયોગ કરે છે

**કેજરીવાલે પત્ર મામલે ભાજપ પર નિશાન સાધ્યું**

નવી દિલ્હી, તા.૩૧

વરિષ્ઠ સમાજસેવક અન્ના હજારેએ પોતાના એક સમયના સાથીદાર એવા આપના સંયોજક અરવિંદ કેજરીવાલને પત્ર લખ્યો છે જે ખૂબ ચર્ચિત બન્યો છે. ત્યારે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તે પત્ર મામલે ભાજપ પર નિશાન સાધ્યું છે.

કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી બન્યા ત્યારબાદ અન્ના હજારેએ પ્રથમ વખત પત્ર લખીને તેમના પર જોરદાર શાબ્દિક પ્રહારો કર્યા હતા. પત્રની શરૂઆતમાં અન્ના હજારેએ લખ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસથી દિલ્હીની લિકર પોલિસી મામલે જે સમાચારો સામે આવી રહ્યા છે તે વાંચીને દુઃખ થાય છે. કેજરીવાલના આરોપ પ્રમાણે આપ સરકારને બદનામ કરવા માટે ભાજપ અન્ના હજારેનો ઉપયોગ કરી રહ્યું છે. અન્ના હજારે દ્વારા લગાવવામાં આરોપો બાદ કેજરીવાલે જણાવ્યું કે, 'તેઓ (ભાજપ) કહે છે કે, લિકર પોલિસીમાં કૌભાંડ થયું છે પરંતુ સીબીઆઈ કોઈ કૌભાંડ ન થયું હોવાનું કહે છે. જનતા ભાજપનું નથી સાંભળી રહી અને હવે તેઓ અન્ના હજારેજીના ખભે રાખીને બંદૂક ફોડી રહ્યા છે. રાજકારણમાં આ સામાન્ય વાત છે.'

દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાના ઘરે સીબીઆઈના દરોડા મામલે

● અનુસંધાન પાન-૭ પર

**અરજન્ટ જોઈએ છે**

ગાંધીનગર ગુડા વિસ્તારના કામો માટે નીચેની વિગતે સ્ટાફની જરૂરીયાત છે. નીચેની લાયકાત તથા અનુભવ ધરાવતા એન્જીનીયર તા. ૮/૯/૨૦૨૨ સુધી R.P.A.D.થી નીચેના સરનામે અરજી કરવાની રહેશે. લાયકાત અનુભવ ધરાવતા એન્જીનીયરોને રૂબરૂ બોલાવી પગાર ધોરણ તથા એપોઈન્ટમેન્ટ નક્કી કરવામાં આવશે.

| અ. | સ્ટાફની વિગત | સંખ્યા | બી.ઈ. સીવીલ અનુભવ | ડી.સી.ઈ. અનુભવ |
|---|---|---|---|---|
| ૧. | સીનીયર એન્જીનીયર | ૧ | ૭ વર્ષ | ૧૦ વર્ષ |
| ૨. | સીનીયર સર્વે એન્જીનીયર | ૧ | ૭ વર્ષ | ૧૦ વર્ષ |
| ૩. | ક્વોલીટી કંટ્રોલ એન્જીનીયર | ૨ | ૫ વર્ષ | |
| ૪. | સાઈટ એન્જીનીયર | ૪ | ૩ વર્ષ | ૫ વર્ષ |
| ૫ | ઈલેક્ટ્રીકલ/મીકેનીકલ એન્જીનીયર | ૧ | ૫ વર્ષ | ૫ વર્ષ |

**દિશા સિવિલ એન્જીનીયરીંગ ડીઝાઈન**

૭૧૪, પ્રતિક મોલ, કોબા-કુડાસણ, રોડ, ગાંધીનગર ૩૮૨૪૨૧

મો. ૯૪૨૬૦ ૬૭૦૩૯, ૯૪૨૬૩ ૩૮૨૦૯